<u>ક્રિમીનલ કેસ નંબર 8692-2023</u>

## <u>આંક ૧ લગત હુકમ</u>

આજરોજ ના. નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સત્તા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

આ કામે અરોપી સામે ત.ક. અમલદારે જી.પી.એકટની કલમ ૧૨૨ સી મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે. મજકુર કામે આજરોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતો હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગ નો છે અને કુટુંબની જવાબદારી તેને શીરે છે. કાયદા પ્રત્યે માન છે, અને અજાણતા મજકુર ગુનો થયેલ છે તેનો પસ્તાવો વ્યકત કરે છે અને ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ ગુનાહીત કૃત્ય કરશે નહી તેવી ખાત્રી આપે છે. આરોપીનું નીવેદન લેતા તેની કબુલાત સ્વૈચ્છિક હોવાનું જણાય છે. કોઈએ તેને કોઈ લાલચ કે પ્રલોભન આપેલ નથી. ગુનાની સજાની જોગવાઈ બાબતે તેને માહીતગાર કરવામાં આવેલ છે છતાં પોતે સ્વૈચ્છિક કબુલાત કરતો હોઈ તેની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે. આરોપીની રજુઆત તેની સામાજિક અને આર્થિક સ્થિતિ અને જે સંજોગોમાં ગુન્હો બનવા પામેલ છે તે તમામ હકીકતને નિગાહે લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કીસ્સો જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટ નો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫(૧), પેજ નં. ૭૦૯ ઉપર પ્રકાશિત થયેલ છે તે ઘ્યાને લેતા આરોપીને આવા કીસ્સામાં ન્યુનત્તમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાત ઘ્યાને લેતા આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: <u>આખરી હુકમ</u> ::**

આરોપી **ધમેન્દ્રસિંહ સાહેબસિંહ પરમાર રહે. શેરખી મોટો ભાગ, તા. જી. વડોદરા** ને સી.આર.પી.સી.ની કલમ ૨૫૨ અન્વયે જી.પી.એકટની કલમ ૧૨૨(સી) મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી આરોપીને ઠપકો આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તારીખ **૦૯ મી** માહે **સપ્ટેમ્બર,** સને **૨૦૨૨૩** નાં રોજ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :- ૦૯/૦૯/૨૦૨૩.
સ્થળ:- વડોદરા.

( **વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ** )
૨૦ માં એડી.ચીફ.જયુડી.મેજી.
વડોદરા.
**કોડ: જીજે ૦૧૪૮૪**

ડી. આર. વારકે